# રાજકોટના પાંચમાં જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ, રાજકોટ

**ફોજદારી કેસ નંબર : ૧૨૦૦૮/૨૦૨૪**
**આંક :- ૪**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી : લાખીબેન વા/ઓ દેવશીભાઈ રવશી**

**ગુન્હો :- પ્રોહી ૬૫ એ એ, ૬૫(એફ) મુજબ**

## -:: ચુ કા દો ::-

(૧) આજરોજ નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટી હેઠળ યોજાવામાં આવેલ રાષ્ટ્રીય લોક અદાલત માં સદરહુ કેસ મુકવામાં આવેલ છે. આ કામે કેસ રેકર્ડ આજરોજ હાથ પર લઈ વંચાણે લીધુ. આરોપી/આરોપીઓ સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે.આરોપીને સી.આર.પી.સી. ની કલમ- ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આંક- ૨ મુજબ આરોપીની પ્લી લેતા, આરોપીએ તેમનો ગુન્હો કબુલ કરી, આંક- ૩ થી ગુન્હા અંગે લેખિતમાં કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, ગુન્હા બદલ તેઓને ઘણોજ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહીં બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈછીક હોઈ તે નોંધી પરંતુ આરોપીની સદરહું કબુલાત તેમની વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે. તેવી કોર્ટે ખાત્રી કરેલ છે. આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય -/વિરૂધ્ધ/- નટવર હરચંદથી ઠાકોર, જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપીઓ કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ

છે. આરોપીઓની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતીને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપીઓ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીઓની આ કબુલાત સ્વીકારુ છું અને આરોપીઓને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવું છું. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતા, આરોપીઓને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તથા અને તેને સુધરવાની તક આપવામાં આવે તો ન્યાયનો હેતું જળવાઈ રહેશે તેમ માનું છું. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## – :: <u>હુકમ</u> ::–

૧. આ કામનાં આરોપી ને પ્રોહી ૬૫ એ એ, ૬૫(એફ) મુજબ સી.આર.પી.સી. કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવુ છું. અને સદર ગુન્હા સબબ આરોપી **લાખીબેન વા/ઓ દેવશીભાઈ રવશી** નાએ રૂા.૧૦૦/– અંકે રૂપીયા એકસો પુરાનો દંડ ફરમાવવાનો હુકમ કરુ છું. અને તેને સુધરવાની તક આપવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દીન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. અપીલ સમય વિત્યે મુદામાલની રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ તે સિવાયના મુદામાલનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપી નાં જામીનખત તથા જાત મુચકરા રદ ગણવા.

હુકમ આજરોજ તા.૨૨ મી માહે જુન સને ૨૦૨૪ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
તારીખ. ૨૨/૦૬/૨૦૨૪

**(એ.પી.દવે)**
**પાંચમાં જયુ.મેજી.ફર્સ્ટ કલાસ**
**રાજકોટ**
**<u>કોડ નં. જી.જે.૦૧૬૭૮</u>**

---

**ફોજદારી દંકની રકમ રૂા..................**

**દંડની પહોંચ નં........તા.૨૨/૦૬/૨૦૨૪**

**થી વસુલ લીધી.**

**Nazir**
**C.J.M.Court**
**Rajkot**

**Noted as member of bench constituted to hold National Lok Adalat by Office order no** ***2024 date - 22/06/*****2024**